# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-04-2026** **Midday : 2.30 to 2.35pm**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

-----------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# FARMERS WELFARE NATIONAL

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવી અને ખેડૂતોની આવક વધારવી એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. રાજસ્થાનના જયપુરમાં યોજાયેલા પ્રાદેશિક ખેતી સંમેલનને સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું, કૃષિ ક્ષેત્રને સશક્ત બનાવવા અને બહુપક્ષીય પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. નવી ટૅકનિક અપનાવવી, આધુનિક ખેત પદ્ધતિઓને પ્રોત્સાહન આપવું અને સંકલિત ખેતપ્રણાલીઓ પર ધ્યાન આપવું એ સમયની માગ છે.

**(BYTE: SHIVRAJSINGH CHAUHAN, AGRICULTURE MINISTER)**

ઉલ્લેખનીય છે કે, એક દિવસના આ સંમેલનમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગોવાના કૃષિમંત્રી, વરિષ્ઠ અધિકારીઓ, ખેડૂત ઉત્પાદક સંગઠનોના પ્રતિનિધિ અને પ્રગતિશીલ ખેડૂતો ભાગ લઈ રહ્યા છે. સંમેલનમાં આધુનિક કૃષિ ટૅક્નોલૉજી, નવિનતાઓ અને ખેડૂતોની આવક વધારવાના પગલાઓ અંગે વિસ્તૃત ચર્ચા થઈ રહી છે.

.

# STATE POLITICAL UPDATES

રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી અને આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણીને લઈ તમામ રાજકીય પક્ષોએ તૈયારી હાથ ધરી છે. ત્યારે ગાંધીનગરમાં આજથી ત્રણ દિવસ ભારતીય જનતા પાર્ટીની ચૂંટણી સમિતિની બેઠક યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાનારી આ બેઠકમાં મહાનગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયત, નગરપાલિકા અને પેટા-ચૂંટણીના ઉમેદવારોના નામ નક્કી કરાશે.

બીજી તરફ, ગુજરાત કૉંગ્રેસે “કૉંગ્રેસનું કમિટમેન્ટ”ના નામે પોરબંદર અને સુરેન્દ્રનગર મહાનગર માટે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. તેમાં પક્ષે શહેરના સર્વાંગી વિકાસ અને જનહિત માટે કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

તો, આમ આદમી પાર્ટી દ્વારા સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં પક્ષના પ્રદેશ સંગઠનના મહામંત્રી મનોજ સોરઠિયાને ઉમેદવાર તરીકે ચૂંટણીમાં ઉતાર્યા છે.

# MSN ELECTION FORM

મહેસાણામાં જિલ્લા પંચાયતની 42 બેઠકની ચૂંટણી માટે 80 અને તાલુકા પંચાયતની 10 બેઠક માટે 232 જેટલા ઉમેદવારીપત્ર લોકો લઈ ગયા છે. જ્યારે નગરપાલિકામાં 221 અને મહાનગરપાલિકા માટે 62 જેટલા ઉમેદવારીપત્ર લોકો લઈ ગયાના અહેવાલ છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આગામી 26 એપ્રિલે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી યોજાશે. જ્યારે 28 તારીખે મતગણતરી હાથ ધરાશે.

# TAPI QUIZ COMPETITION

તાપીમાં કુકરમુંડા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં સ્વીપ કાર્યક્રમ અંતર્ગત મતદાન જાગૃતિ માટે પ્રશ્નોત્તરી સ્પર્ધા યોજાઈ. ઉટાવદ અને બેજ પ્રાથમિક શાળા ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં મતદાનનો અધિકાર, મતદાન જાગૃતિ, ચૂંટણી પ્રક્રિયા, EVM સહિત મતદાનના મહત્વ જેવા વિષયને આવરી લેવાયા હતા.

જિલ્લા ચૂંટણી તંત્ર અને પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદારોને જાગૃત કરવામાં આવી રહ્યા છે.

# STATE WEATHER FORECAST

પોરબંદર, જુનાગઢ, ગીરસોનાથ, દમણ, દાદરા અને નગરહવેલી સિવાયના તમામ જિલ્લામાં આજે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, કેટલાક જિલ્લામાં આજે વાવાઝોડા સાથે કમોસમી વરસાદ થઈ શકે છે. સાથે જ આજે અને આવતીકાલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

દરમિયાન બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડો પવન ફૂંકાતા ઠંડક પ્રસરી છે.

# DDH SURYA GHAR YOJANA

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીમાં વિવિધ પંચાયતમાં પ્રધાનમંત્રી સૂર્યઘર યોજનાની માહિતી આપવા શિબિર યોજાઈ રહી છે. જિલ્લા પંચાયત અને બીજ વિભાગ દ્વારા કરાયેલી આ પહેલ હેઠળ પ્રધાનમંત્રી સૂર્યઘર, પ્રધાનમંત્રી મફત વીજળી યોજના અને ખેડૂતોને ખાતર સબસિડી માટેના પત્રક આ શિબિરમાં ભરવામાં આવી રહ્યા છે. દાદરા, દેમણી, નરોલી અને સાયલી પંચાયતમાં યોજાયેલી શિબિરમાં લોકોને સૌરઉર્જાનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરાયા હતા.

# MSN CROP INCOME

મહેસાણામાં ઊંઝા માર્કેટિંગ યાર્ડમાં મસાલાના પાકની સારી આવક થઈ રહી છે. યાર્ડમાં અત્યાર સુધી જીરુંની 55 હજારથી વધુ બોરીની આવક નોંધાઈ છે. ખેડૂતોને જીરુંનો બે હજારથી છ હજાર રૂપિયા સુધીનો ભાવ મળી રહ્યો છે. જ્યારે ઈસબગુલની 15 હજાર બોરીની આવક થઈ, જેનો ભાવ બે હજાર 500થી બે હજાર 800 રૂપિયા સુધીનો રહ્યો હતો. સૌથી વધુ જીરુંની આવક રાજસ્થાન, કચ્છ અને કાઠિયાવાડ પંથકમાંથી આવી છે.